# સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્કની કૃષિ અને ઔદ્યોગિક ધિરાણ ક્ષેત્રમાં સરાહનીય કામગીરી

## કુલ બિઝનેસ રૂ.૭૦૫૧ કરોડ તથા એનપીએ ૦ ટકા સુધી સીમીત રાખવાની ઐતિહાસિક સિદ્ધિ

રાજકોટ

સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં ૨૫૧ સીબીએસ શાખાઓના વિશાળ બ્રાંચ નેટવર્ક દ્વારા ૧૫૦૦થી વધારે ગામોમાં તેના ૧૩ લાખથી પણ વધારે ગ્રાહકોને છેલ્લા ચાર દાયકાથી ઉતમ બેન્કિંગ સેવાઓ આપતી સૌરાષ્ટ્રની પોતાની સંપૂર્ણ સરકારી બેંક છે.

બેંકના ચેરમેન સી.બી.સાવંતના જણાવ્યા પ્રમાણે, બેંક હાલમાં ૮૯૧ ગામડામાં ફાયનાન્સીયલ ઈન્કલ્યુઝન હેઠળ પણ બેન્કિંગ સેવાઓ પુરી પાડી રહી છે. બેંક દ્વારા ૩૧ માર્ચ, ૨૦૧૭ સુધી કુલ કૃષિ લોન રૂ.૧૬૭૬ કરોડ, એસ.એમ.ઈ લોન (ઔદ્યોગિક લોન) રૂ.૪૯૫ કરોડ તથા હાઉસીંગ લોન, એજ્યુકેશન લોન વગેરે મળી કુલ રૂ.૨૬૭૫ કરોડની લોન આપેલ છે ગત વર્ષની સરખામણીએ રૂ.૬૮૧ કરોડનો વધારો થયેલ છે જે ૩૪.૧૭%નો વિકાસ દર્શાવે છે.

બેંકની થાપણોનો ૩૧ માર્ચ, ૨૦૧૭ને અંતે રૂ.૪૩૭૬ થયેલ છે. ગત વર્ષ દરમ્યાન રૂ.૧૧૮૮ કરોડ નવી થાપણો મેળવી ડીપોઝીટમાં ૩૪.૧૫% નો વધારો નોંધાયેલ છે. આમ, ૩૧ માર્ચ, ૨૦૧૭ને અંતે કુલ બિઝનેસમાં રૂ.૭૦૫૧ કરોડ લક્ષ્યાંક હાંસલ કરેલ છે. વર્ષ દરમ્યાન રૂપિયા ૧૮૬૯ કરોડનો વધારો થયેલ છે, જે ૩૬%નો વધારો દર્શાવે છે.

બેંક કુલ ધિરાણ પૈકીના ૯૦%થી વધારે ધિરાણ પ્રાયોરિટી સેક્ટરને કરેલ છે તથા કુલ ધિરાણ પૈકી ૬૨%થી વધારે ધિરાણ કૃષિ ક્ષેત્રમાં થયેલ છે. બેંકનો સીડી રેશીયો ૬૧.૧૦% રહેલ છે. બેંકનો ગ્રોસ એન.પી.એ. ૦.૩૭% તથા નેટ એનપીએ ૦% સુધી સીમિત રાખી બેન્કિંગ ક્ષેત્રમાં અસામાન્ય સીધી હાંસલ કરેલ છે.

બેંકના ચેરમેન સી.બી.સાવંતના જણાવ્યા પ્રમાણે બેંક ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પાક ધિરાણ તથા અન્ય ખેતીવાડી સલગ્ન ધિરાણ ઉપરાંત સૌરાષ્ટ્રના તમામ વર્ગના લોકોની જરૂરીયાત મુજબના ધિરાણ જેવા કે ઔદ્યોગિક લોન, હાઉસીંગ લોન તથા કારલોન વગેરે માટે પ્રોત્સાહન આપે છે. ગ્રાહકો માટે આકર્ષક થાપણ વ્યાજદર યોજનાઓ ઉપલબ્ધ છે. ઉતમ બેન્કિંગ સેવાઓ સાથે મોબાઈલ બેન્કિંગ સેવા શરૂ કરેલ છે. તેમજ ટુંક સમયમાં ઈન્ટરનેટ બેંકિંગ સેવા આપવા પ્રતિબધ્ધ છે. સૌરાષ્ટ્રની જનતા પોતાની નાણાકીય જરૂરીયાત એકછત્ર હેઠળ મેળવી શકે છે. સૌરાષ્ટ્રની પોતાની સંપૂર્ણ સરકારી બેંક સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકનો સંપર્ક સાધવા અનુરોધ છે.

# આત્મીય કોલેજની વિદ્યાર્થીનીઓએ બનાવ્યું ઈન્ડસ્ટ્રીઝને ઉપયોગી ઓટોમેટિક સેપરેટર



રાજકોટ

આજકાલ બધી વસ્તુઓના ઉપયોગ સાથે સાથે બગાડ પણ વધતો જાય છે. વસ્તુઓના ઉપયોગ પછી જે બાકી રહે છે તેમાં અમુક વસ્તુ કામની હોય છે અને અમુક વસ્તુ નકામી હોય છે. આપણે એ કામની વસ્તુ પણ આડેધડ કચરામાં જવા દઈએ છીએ. જેના લીધે અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે. આ મુશ્કેલીઓ દૂર કરવા અને ઉપયોગી વસ્તુઓ અલગ કરવામાં માટે આત્મીય ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને સાયન્સ કોલેજના ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન બ્રાંચની વિદ્યાર્થીનીઓ નકુમ જલ્પા જયંતિલાલ અને પેથાણી મોનિકાબેન પરસોત્તમભાઈ એ બધી વસ્તુઓને કન્વેયર બેલ્ટથી અલગ કરવા માટેની સિસ્ટમ વિકસિત કરી છે. જેમાં મેટલ સેન્સરથી લોખંડની વસ્તુઓ અને તેવી જ રીતે બીજાં સેન્સરની મદદથી ચોક્કસ માપ કે તેનાથી વધુ માપનાં બોક્સ, ડબ્બા કે ખોખાં અલગ થઈ જાય છે અને પંખા દ્વારા હળવી વસ્તુ જેવી કે કાગળ, પ્લાસ્ટિકની વસ્તુઓ પણ અલગ કરી શકાય છે.

ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટના વડા ડૉ. આશિષ કોઠારી એ આ પ્રોજેક્ટ ને આત્મીય કોલેજ ના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ તરફથી ઈન્ડસ્ટ્રી અને સમાજને ઉપયોગી એવા પ્રોજેક્ટ્સમાંનો એક ગણાવતા જણાવ્યું કે આ પ્રોજેક્ટ ઈન્ડસ્ટ્રી માટે ખુબજ ઉપયોગી સાબિત થશે. સંસ્થાના પ્રિન્સિપાલ આચાર્યએ વિદ્યાર્થિનીઓ તથા ડીપાર્ટમેન્ટ ના કામ ને બિરદાવતા જણાવ્યું છે કે દર વર્ષે આ ડીપાર્ટમેન્ટ તરફથી સમાજ ને ઉપયોગી પ્રોજેક્ટ્સ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવે છે અને આવા પ્રોજેક્ટ્સના વ્યવસાયીકરણ ની પણ ઘણી શક્યતાઓ રહેલી છે. વિદ્યાર્થીઓના આવા અનેક પ્રોજેક્ટ્સ સંસ્થા દ્વારા પેટન્ટ કરાવવાની કાર્યવાહી પણ કરાવવામાં આવે છે.

આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સના ડિરેક્ટર ડૉ. જે.એન.શાહ તથા સંસ્થાના સેક્રેટરી ત્યાગવલ્લભ સ્વામીજી એ પણ વિદ્યાર્થીઓ ના આ પ્રોજેક્ટ બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# રેલરાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીની રવિવારે વાર્ષિક સાધારણ સભા

રાજકોટઃ રેલનગર વિસ્તારની રેલરાજ ક્રેડિટ કો. ઓ. સોસાયટી લિ.ની નવમી વાર્ષિક સાધારણ સભા રવિવારના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે ભગવતી હોલ, રેલનગર મેઈન રોડ, પોપટપરા પાછળ, રાજકોટ ખાતે યોજાશે. સભાને અંતે ભેરનું વિતરણ કરવામાં આવશે તો ફરજીયાત બચતની પાસબુક સાથે લાવવી. સર્વે સભાસદોને ચેરમેન વનરાજ સિંહ જાડેજાએ સમયસર હાજર રહેવા અનુરોધ કર્યો છે.